॥ સનાતન પરમો ધર્મ ॥

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનું મુખપત્ર

પ્રચાર પ્રસાર જાગૃત ઉજાગર

સોસીયલ મિડીયા

સનાતન ધર્મ પત્રિકા

Email : office@sanatandharmpatrika.com I Web : www.sanatandharmpatrika.com

● સં. ૨૦૭૭ ● ભાદરવા વદ - ૧૩ ● તા. ૦૪-૧૦-૨૧ ● સોમવાર SDP NO: 532 MOB. : +91 78018 77774, +91 77189 77774. anksanatandharmpatrika@gmail.com

દક્ષિણ કર્ણાટક રીજીયન : થીમ લીડરોની વરણી...

શ્રી દક્ષિણ કર્ણાટક રીજીયનની પ્રથમ કારોબારી સભા તા. ૨૬/૦૯/૨૧ ને રવીવારના રોજ શ્રી લક્ષ્મીનારાયણ ભવન, લાલબાગ- બેંગ્લોર ખાતે બપોર પછી ૨:૩૦ કલાકે રિજીયન ચેરમેન દિનેશભાઈ નરસિંહભાઈ લીંબાણીના અધ્યક્ષ સ્થાને યોજાઈ ગઈ.

એજન્ડા મુજબની કાર્યવાહી અનુરૂપ PRO હિતેશભાઈ લીંબાણી દ્વારા મહાનુભાવોનું સ્થાનગ્રહણ, પ્રભુ પ્રાર્થના કર્યા બાદ કોરોના કાળ દરમિયાન આપણાથી વિખૂટા પડેલ સમાજના સ્વજનો માટે બે મિનિટનું મૌન પાળી શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવેલ.

ચીફ સેક્રેટરી કિશોરભાઈ સુરાણી દ્વારા સભાની થનગનાટ ભરી શરુઆત થયા બાદ લાલબાગ યુવક મંડળના પ્રમુખ, ધરમશીભાઈ લીંબાણીનુ ગુલદસ્તા દ્વારા રીજીયન ચેરમેન દિનેશભાઈ એ ઉષ્માભર્યું સ્વાગત સન્માન કર્યું. ત્યાર બાદ ગત સભાની મિનિટબુકનું વાંચન તથા આવેલ પત્રોનું વાંચન જોઈન્ટ સેક્રેટરી લલિતભાઈ ભાવાંણી દ્વારા કરવામાં આવ્યું તથા હિસાબોની રજૂઆત વિઠ્ઠલભાઈ પોકાર દ્વારા કરવામાં આવેલ જેને સર્વાનુમતે બહાલી આપવામાં આવેલ.

સભાની કાર્યવાહી આગળ વધતાં ૨૧- ૨૩ ની ટીમના દરેક તથા વિચારો જાણવા મળ્યા. કોરોના લોકડાઉન દરમિયાન ક્વિઝ કાર્યક્રમ (રામાયણ- મહાભારત વિષય) થયેલ તેમાં વિજેતા થયેલ દરેક પ્રતિસ્પર્ધીઓને મંડળ વાઈઝ મોમેન્ટો આપવામાં આવેલ જેનું સંચાલન IPP પ્રતાપભાઈ લીંબાણી દ્વારા કરવામાં આવેલ. આવેલ સૂચનો તથા વિચારો પર ચેરમેન દિનેશભાઈ લીંબાણીએ જણાવેલ કે આપણે સૌ સાથે મળીને કાર્ય કરીશું તો સફળતા અવશ્ય મળશે તેવો દરેક સભ્યોને વિશ્વાસ આપેલ.

કારોબારી સભ્યો દ્વારા પોતાનો પરીચય આપવામાં આવ્યો ત્યાર બાદ મંચ સંચાલન મિશન ચેરમેન મનોજભાઈ પોકારને સોપરત કરવામાં આવ્યું તેના અંતર્ગત તેર થીમના લીડરોની વરણી કરવામાં આવી. આગામી બે વર્ષ દરમિયાન કેવા કાર્યક્રમ કરવા તે બાબતે વિચાર મંથન કરવામાં આવ્યું. ત્યાર બાદ ખુલ્લા મંચ દરમિયાન સમાજ ઉપયોગી વિવિધ સૂચનો



સભાના અંતે PRO શ્રી હિતેશભાઈ દ્વારા આભાર વિધી કરવામાં આવી ત્યાર બાદ રાષ્ટ્રગાન તથા ભગવાન લક્ષ્મીનારાયણ તેમજ ઉમિયા માતાજીના જય ઘોષ સાથે સભાની પૂર્ણાહુતિ જાહેર કરવામાં આવી. **સંયોજક : અમૃત નાયાણી, બેંગલોર**

SRI DAKSHIN KARNATAKA YUVA SANGH REGION

MISSION LEADERS 2021-2023

SL NO.	THEME	NAME	SAMAJ	M. NUMBER
1	AGRICULTURE AND ENVIRONMENT	TARUN GANGDAS JABWANI	TUNGABHADRA	9986055125
2	BUSINESS CELL	GUNVANTH GOVIND PARSIYA	INDIRANAGAR	9986069020
3	EDUCATION AND TALENT HUNT	RAHUL MANILAL BHAGATH	UDUPI	9916824169
4	FUND	RAJESH ARJAN CHHABHAIYA	PEENYA	9880030714
5	HEALTH AND DISASTER	DEEPAK GANGDAS SANKHLA	MYSORE	9986391083
6	MATRIMONIAL	HEMLATHA BEN LALIT BHAVANI	LALBAGH	9035468183
7	POLITICAL AND LEADERSHIP	DINESH VISHRAM BHAGAT	NELAMANGALA	9740353888
8	PRACHAR AND PRASAR	HITESH NANJI LIMBANI	MYSORE ROAD	9886681581
9	SOCIAL AND SPIRITUAL	PUNITHA BEN HASMUKH RAMANI	INDIRANAGAR	9036006642
10	SPORTS	SAILESH MOHANLAL LIMBANI	LALBAGH	9886101741
11	WEBCOM	DARSHAN MANJUNATH RUDANI	HARIHAR	9844401430
12	YUVA UTKARSH	BHAKTI BEN SAILESH LIMBANI	LALBAGH	7411967557
		JAGDISH RAMESH TEJANI	YELHANKA	9448779688
13	Y.S.K.	NITIN CHANDULAL CHHABHAIYA	DAVANGERE	9844988997

કચ્છ રિજીયન હવે બન્યું પૂર્વ અને પશ્ચિમ વિભાજન સાથે નવી ટીમ ની વરણી.

આજે ૩ ઓક્ટોબર ના નખત્રાણા પાટીદાર બોર્ડીંગ મધ્યે શ્રી અખિલ ભારતીય કરછ કડવા પાટીદાર યુવાસંઘ કરછ રીજીયન ની મળેલ જનરલ સભા માં વહીવટ ના કારણે અને મોટો વિસ્તાર હોતા એક રીજીયન માંથી બે રીજીયન બનાવા માં આવ્યા જેને આજે ગજબની અદભુત ઉત્સાહ પૂર્વકની મોટી સંખ્યા માં યુવાઓ હાજર ભાઈ બહેનો એ જબરજસ્ત રીતે વધાવી લીધેલ.

પૂર્વ વિભાગના રીજીયન ને શ્રી અ. ભા. કરછ કડવા પાટીદાર યુવાસંઘ પૂર્વ કરછ રીજીયન અને પશ્ચિમ વિભાગ ના ભાગ ને શ્રી અ. ભા. કરછ કડવા પાટીદાર યુવાસંઘ પશ્ચિમ કરછ રીજીયન નુ નામ આપવા માં આવેલ.

આ પશ્ચિમ કરછ રીજીયન ના નવનિયુક્ત ચેરમેન તરીકે વિથોણ ના થનગનતા યુવાન જેને ૧૦૮ પણ કહેવામાં આવે છે. અનુભવી અને કુછ હટકે કરે એવા શાંતિલાલ ગોપાલ નાયાણી, વીથોણ ની સર્વાનુમતે વરણી કરવા માં આવેલ.

શાંતિલાલ નાયાણી, વિથોણ, કચ્છ પશ્ચિમ રિજીયન ચેરમેન.૨૦૨૧

સુરેશ ભગત, ગુણતીતપુર, કચ્છ પૂર્વ રિજીયન ચેરમેન.૨૦૨૧

પૂર્વ કરછ રીજીયન ના ચેરમેન ના હોદા ઉપર ગુણાતીતપૂર ના હોનહાર યુવાન જેને સંઘઠન માં રસ અને જો સ્વીકારી જવાબદારી તો પૂર્ણ નિષ્ઠા સાથે પરિપૂર્ણ કરવાનો જ અભરખો.

સુરેશભાઈ મોહનભાઈ ભગત, ગુણાતીતપુર ની નિમણુંક કરવામાં આવેલ..

શૈલેસ પોકાર, નખત્રાણા.

(વધુ માહિતો આવતા અંક માં..)

વરઝડી ચેરીટેબલ ટ્રસ્ટની સામાન્ય સભા

તા. ૦૨/૧૦/૨૦૨૧ ના રોજ વરઝડી કડવા પાટીદાર ચેરીટેબલ ટ્રસ્ટની સામાન્ય સભા મળેલ તેમાં ગત મીનીટનું વાચન તથા આવેલ પત્રોનું વાચન મહામંત્રી ડાહયાભાઈએ કરેલ અને સર્વાનુમતે બહાલી આપેલ.ટ્રસ્ટના પ્રમુખશ્રી કરમસીભાઈ પચાણભાઈ માવાણી તથા ૩૪ વર્ષિય યુવાન સચિનભાઈ ઈશ્વરભાઈ ભીમાણીના દુઃખદ નિધન બદલ મૌન પાડી શ્રધ્ધાંજલી અર્પણ કરેલ.

ટ્રસ્ટી મંડળની મુદત પુરી થતાં નવા ટ્રસ્ટી મંડળનીપૂનઃ રચના માટે સાધક બાધક ચર્ચાના અંતે સર્વાનુમતે પ્રમુખ વિસનજીભાઈ પ્રેમજીભાઈ સુ.ભગત ઉપપ્રમુખ મગનભાઈ રતનશીભાઈ ભીમાણી મહામંત્રી ડાહયાભાઈ જેઠાભાઈ માવાણી સહમંત્રી રવિલાલભાઈ દાનાભાઈ છાભૈયા ખજાનચી હરીલાલભાઈ પરબતભાઈ માવાણી ટ્રસ્ટીવાલજીભાઈ રામજી ભાઈ સુ.ભગત તથા નાનાલાલભાઈ નારણભાઈ છાભૈયા આમ સાત ટ્રસ્ટીઓની સર્વાનુમતે ૩(ત્રણ)વર્ષ માટે વરણીકરવામાં આવી.

કેન્દ્રીય સમાજના સહખજાનચી તેમજ વરઝડીકડવા પાટીદાર સનાતન સમાજના પ્રમુખ મણીલાલભાઈ માવાણી ઉપપ્રમુખ ભરતભાઈ માવાણી તથા નરેન્દ્રભાઈ છાભૈયા અરવિંદભાઈ ભગત શીવજીભાઈ છાભૈયા વગેરે સમાજ અગ્રણીઓએ જરૂરી માર્ગદર્શન આપેલ.

નવા વર્ણાયેલ પ્રમુખે પોતાના ઉદબોધનમાં જણાવેલ કે સભાએ અમારા ઉપર વિશ્વાસ મુકેલ છે તેને કાયમ રાખવાની ખાત્રી આપેલ.

સંચાલન મહામંત્રી ડાહયાભાઈ માવાણીએ સંભાળેલ આભાર દર્શન રવિલાલભાઈ છાભૈયાએ કરેલ.

સંયોજક
ડાહયાભાઈ માવાણી
વરઝડી,ગઢશીશા

મહા અભિયાન માર્ગ અને મકાન મિનિસ્ટર નું ગુજરાત રાજ્ય

અમુક સમય પહેલા એક લિંક ના માધ્યમ (ઓનલાઈન) થી કોટડા(જ) થી નખત્રાણા ના ખરાબ રસ્તા વિશે પ્રશ્ન તથા રજુઆત કરતા આજ રોજ "માર્ગ મરામત મહાઅભિયાન હેઠળ ગુજરાત રાજયના લોકપ્રિય મુખ્યમંત્રી આદરણીય શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને રાજ્યના માર્ગ અને મકાન વિભાગના કેબિનેટ મંત્રીશ્રી પૂર્ણેશભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ તથા ધારાસભ્ય શ્રી પરદ્યુમનસિંહ જાડેજા, સંસદ શ્રી વિનોદભાઈ ચાવડા, જિલ્લા પંચાયત તથા તાલુકા પંચાયતના સર્વે પદાધિકારીઓના માર્ગદર્શન હેઠળ આજ રોજ કામ પણ ચાલુ કરવામાં આવ્યું છે. તા. ૦૧ થી ૧૦ ઓક્ટોબર દરમિયાન માર્ગ મરામત મહાઅભિયાન શરૂ કરવામાં આવ્યું. આજથી જે વિસ્તારમાં વરસાદ નથી ત્યાં રસ્તા મરામતની કામગીરી ફુલ જોશમાં શરૂ થઇ છે. લોકોએ આ કામગીરી બદલ રાજ્ય સરકારને અભિનંદન પણ પાઠવ્યા છે.

કુમકુમ પગલે માડી પધારો રે...
લખેડાકંપાના સનાતની પરિવાર દ્વારામાં ઉમિયાના રથના વધામણાં...

માં ઉમિયા ના રથ સાથે ના સાથીદારો



રથ ના વધામણાં....

તા.૦૩/૧૦/૨૦૨૧ : આપણી કુળદેવી જગત જનની માં ઉમિયા નો રથ વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન (VUF)ની ટિમ દ્વારા આપણા વડાલી વિભાગમાં દરેક ગામ, કંપા,શહેર માં પરિભ્રમણ કરવા માટે આવેલ છે...

શ્રી ક.ક.પા.સનાતન સમાજ વડાલી વિભાગ તેમજ વડાલી ડિવિઝન યુવાસંઘ ના તમામ મિત્રો માં ઉમિયા ના રથ સાથેના આયોજનમાં આપણા ભાઈ સમાં કડવા પાટીદાર ભાઈઓ સાથે આપણે કચ્છી કડવા પાટીદાર ભેગા થઈ આયોજન માં સહભાગી થઈને માં ઉમિયા અને આપણી સંસ્થા વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન નો મહિમા વધે તે હેતુ થી આપણા દરેક કંપા, શહેર, ગામ માં રથ નું પરિભ્રમણ કરવામાં આવે છે તો આજ રોજ તા. ૦૩/૧૦/૨૦૨૧ ના રોજ માં ઉમિયા નો રથ લખેડાકંપા ખાતે આવેલ હતો તો આપણી સમાજ ના સૌ સનાતની પરિવાર દ્વારા માં ઉમા ના રથ નું ઉમળકાભેર હર્ષોલ્લાસ થી સ્વાગત કરવામાં આવ્યું હતુ...

ટીમ વડાલીડિવિઝન
પ્રચાર-પ્રસાર વતી...
PRO - ચેતન રામજીયાણી

મહાડ પાટીદાર યુવા મંડળના યુવાઓ દ્વારા મહાડ (મહારાષ્ટ્ર) થી માતાના મઢ (કચ્છ)

સાયકલ સવાર, ને મળ્યા ટીમ યુવાસંઘ..

તા :- ૨૫/૦૯/૨૦૨૧ થી તા :- ૦૭/૧૦/૨૦૨૧ સુધી 1130 km ની સાયકલ યાત્રાના યાત્રીઓને તા :- ૦૩/૧૦/૨૦૨૧ ને રવિવારે સવારે ૮:૩૦ કલાકે લીંબડી નજીક હાઈવે પર કેન્દ્રીય યુવાસંઘ અને Team MGR એ શ્રીફળ આપી આશીર્વાદ અને અભિનંદન આપ્યા. તેમના સૌનો પરીચય કેળવી સૌના ખબર અંતર પૂછયા હતા અને તમામ માહિતી મેળવી હતી. ડૉ. વિપુલ છાભૈયા એ સૌનું હેલ્થ ચેક અપ કર્યું તથા જરૂરી ટીપ્સ પણ આપી હતી. આ યુવાઓને બિરદાવવા યુવાસંઘ કેન્દ્રીય પ્રેસિડન્ટ ડૉ. વસંત ધોળુ, કેન્દ્રીય પસંદગી સમિતિ સભ્ય હરસુખ રામાણી, નર્મદા કાઉન્સિલ સેક્રેટરી ડૉ.

વિપુલ છાભૈયા, કેન્દ્રીય સમાજ ઓડિટર ધીરજભાઈ ડાયાણી, CPDO PRO નિલેશ સુરાણી, CPDO Webcom નિલેશ વાસાણી તથા Team MGR ના RC ચંદ્રેશ ચૌહાણ, IPP વિપુલ પોકાર, RVC સંજય ધોળુ, RCS દિપક લીંબાણી તથા કારોબારી સભ્યો હાજર રહયા હતા.

૧૫૦ મી જન્મ જયંતિ નિમિતે

અંકલેશ્વર નોટીફાઈડ એરિયા બીજેપી દ્વારા ગાંધી જયંતિ નીમિતે ગાંધી પ્રતિમાને સાફસફાઈ કરી ફુલમાળા પહેરાવી

તથા ખાદી વેચાણ કેન્દ્ર સૌએ ખાદીને પ્રાધાન્ય આપવા પોતે ખરીદી ને સૌને ખરીદવા પ્રેર્યા, કકપા યુવા નોટિફાઈફ વિસ્તાર ના યુવા પ્રમુખ રિતેશ નાકરાણી દ્વારા ગાંધીજી ને પહેરાવી સુતર ની માળા..

૧૫૦ મી જન્મ જયંતિ નિમિતે ભારત આખી બાપુ ને યાદ કરી ને ગૌરવ અનુભવે છે.

આજની ચિંતનકણિકા

આ હું કરું, આ મેં કર્યું માનવી મિથ્યા બકે છે, પરંતુ ઈશ્વરની ઈચ્છા વગર એક પાંદડું પણ હાલી શકતું નથી.

નરસિંહ મહેતાએ લખ્યું છે હું કરું હું કરું એજ અજ્ઞાનતા શક્ટનો ભાર જેમ શ્વાન તાણે, આત્મ વચનાત્મક વૃત્તિમાં રાચતા ઘમંડીનો પડદો જ્યારે ચિરાઈ જાય છે, ત્યારે તેની સ્થિતિ અતિ દયાજનક થઈ જાય છે, દંભનો પડદો ચિરનાર સત્ય સામે આંખ મિલાવવાની હિંમત પણ આ લોકોમાં રહેતી નથી, કુટુંબમાં સમાજમાં, અન્ય સંસ્થામાં રાષ્ટ્ર કે વિશ્વમાં મારા પછી શું,?

આવી વાહિયાત વાતો ઊભી કરી ઘણા ધુરંધરો પોતે હાસ્યાસ્પદ સ્થિતિમાં મુકાતા હોય છે, મારા પછી શું એવું પૂછનારને લોકોએ એવો જવાબ આપવો જોઈએ કે તારા આવ્યા પહેલાં જગત હતું કે નહિ,?.

મિથ્યા અભિમાન કરતા લોકોને એક મરાઠી કવિએ આવા લોકોની મજાક ઉડાવતા સરસ વાત કહી છે,

એક માણસ પોતાની યુવાનીમાં એક સમુદ્રમાં લઘુશંકા કરી અને તેના કારણે પાણીની સપાટી વધી કે નહિ એ જોવામાં બાકીની આખી જિંદગી વિતાવી નાખી.

ચિંતકો કહે છે મારા વગર શું?

એવું માનવા વાળા લોકોના કબ્રસ્તાનો ભરેલા પડ્યા છે.

મિશન અભિમન્યુ
શ્રી ઉમા એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ
SUV International School.

www.jeevansparsh.com

- Corporate Club Member - **LIC OF INDIA**
- TOT, COT & MDRT (USA) Qualifier Member Since 2002
- Life Member of MDRT (USA)
- "Area Chair for Central INDIA" of MDRT MCC Committee

BRIJESH PATEL
INSURANCE & INVESTMENT CONSULTANT

Insurance Planning | Wealth Management | Prudent Advice | Technology Enabled

All above, with best in class servicing

LIC भारतीय जीवन बीमा निगम LIFE INSURANCE CORPORATION OF INDIA
Qualifying & Life Member MDRT®

JEEVAN SPARSH
E-73 Sector-I, Devendra Nagar, Raipur (C.G.), Tel. : 0771-2524774, 4044774
Mob. : 94252 04774, 95841 47000, E-mail: jeevansparsh@gmail.com,
सही सलाह हर बार...

ભાવભીની શ્રદ્ધાંજલિ - સનાતન ધર્મ પત્રિકા.

તા. ૦૧/૧૦/૨૦૨૧ શુક્રવાર

સ્વ. જયાબેન કેશરાભાઈ ચૌધરી,
ઉંમર : ૭૦ વર્ષ,
કચ્છમાં ગામ : રસલીયા
હાલે : પરભણી (મહારાષ્ટ્ર)

તા. ૦૨/૧૦/૨૦૨૧ શનિવાર

સ્વ. પ્રેમજીભાઈ નાનજીભાઈ લીંબાણી
ઉંમર : ૮૮ વર્ષ
કચ્છમાં ગામ : જંજાય (કચ્છ)
હાલમાં : પાલનપુર (ઉ.ગુજરાત)
અવસાન : ઉંમર ને લઈને, કુદરતી

તારીખ : ૦૩-૧૦-૨૦૨૧ રવિવાર

સ્વ. નીરવકુમાર ગુણવંતભાઈ લીંબાણી
ઉંમર : ૩૩ વર્ષ
કચ્છમાં ગામ : નખત્રાણા
હાલે: નરોડા, અમદાવાદ
અવસાન કારણ : માંદગી બાદ
YSK નં. 37420

સ્વ.નારણભાઈ રામજીભાઈ ભાદાણી
ઉંમર : ૮૮ વર્ષ
કચ્છમાં ગામ : નખત્રાણા-નવાવાસ (સ્થાનિક)
અવસાન કારણ : કુદરતી, નૈસર્ગિક

સ્વ. સોમજીભાઈ દેવજીભાઈ વાલાણી
ઉંમર : ૯૦ વર્ષ
કચ્છમાં ગામ : નખત્રાણા (સ્થાનિક)
અવસાન કારણ : કુદરતી, નૈસર્ગિક

સ્વ. ભવાનભાઈ શામજીભાઈ ભીમાણી
ઉંમર : ૬૪ વર્ષ
કચ્છમાં ગામ : ધારેશી
હાલે : સોજીત્રા
અવસાન કારણ : સામાન્ય બિમારી

પરમ કૃપાળુ પરમાત્મા સદગત ના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એજ પ્રાર્થના.
શ્રીસમાજ, સનાતન ધર્મ પત્રિકા ની પ્રચાર પ્રસાર સમિતિ દ્વારા ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ.
ૐ શાંતિ શાંતિ શાંતિ